## વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ ● સમય: સવારે ૯ થી ૧૨ ● શ્રેણી: ૭ ● ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક અને પ્રતિક્રમણને આધારે જવાબ લખો.** ૩૦

**ક) નીચેના પાઠપૂર્તિ કરો :**

૧) છટ્ઠં ......... ......... ......... .........ધિજ્જં (૨)

જ: ૧) છટ્ઠં કંતં પિયં મણુન્નં મણામં ધિજ્જં

૨) તપ ......... ......... .........કાઉસગ્ગં (૧½)

જ: ૨) તપ અતિચાર ચિન્તવનાર્થ કરેમિ કાઉસગ્ગં

૩) પડિક્કમામિ ......... ......... .........ઉભઓકાલં

જ: ૩) પડિક્કમામિ ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલ

**ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** (૫)

**જવાબ**

| | | |
|---|---|---|
| ૧) | લોગસ્સ આસાયણાએ | - સમગ્ર લોકની આશાતનાથી |
| ૨) | અભ્યાખ્યાન | - ખોટું આળ ચડાવવું |
| ૩) | દુટ્ઠુ પડિચ્છિયં | - અવિનીતપણે જ્ઞાન લીધું હોય |
| ૪) | જાણી - પ્રીછી | - જાણીને, ઓળખ્યા છતાંયે |
| ૫) | સમણે | - સાધુ - મુનિરાજ ને |
| ૬) | ભંડ કરંડગ | - આભૂષણોના કરંડિયા |
| ૭) | પાઉસિયાએ | - જીવ તથા અજીવ ઉપર દ્વેષભાવ કરવો તે. પ્રાદેષિકી ક્રિયાથી |
| ૮) | અવિતહમવિસંધિ | - સદા શાશ્વત છે. |
| ૯) | પડિહય | - રોકી દીધા છે. |
| ૧૦) | અબ્ભુટ્ઠિઓમિ | — આરાધનામાં હું. |

**ગ) નીચેના શબ્દોના માગધી અર્થ લખો :(૫)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | રખે ! તરસ લાગે | - | મા ણં પિવાસા |
| ૨) | વનસ્પતિ | - | ભૂત |
| ૩) | ઉતાવળમાં ધ્રાસકો પડે તેવું બોલવું | - | સહસાભક્ખાણે |
| ૪) | શુદ્ધ અંતઃકરણ | - | ભાવ થકી |
| ૫) | ઉદ્દમવંત થયો છું. | - | આરાહણાએ |

**ઘ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :** (૧૦)

૧) હેય, જ્ઞેય અને ઉપાદેય એટલે શું ? એ કયા પાઠમાં સમજાવવામાં આવ્યું છે ?

જ: ૧) હેય એટલે છોડવા યોગ્ય , જ્ઞેય એટલે જાણવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય. આ ચોથા શ્રમણસુત્રમાં સમજાવવામાં આવ્યું છે.

૨) ગોચરી વખતે કોનાથી કયા કયા દોષ લાગી શકે છે ?

જ: ૨) ગોચરી વખતે ઉદ્‌ગમના ૧૬ દોષ વહીરાવનાર ગૃહસ્થથી લાગે. ઉત્પાદનના ૧૬ દોષ વહોરનાર સાધુથી લાગે. એષણાના ૧૦ દોષ ગૃહસ્થ અને સાધુ બંનેથી લાગે. એમ કુલ ૪૨ દોષ લાગી શકે છે.

૩) ઉત્તમ કોને કહેવાય ? ઉત્તમ કેટલા અને કયા કયા ?

**જ:** ૩) ઉત્તમ એટલે અનંતકાળથી ભટકતાં ભવ્ય આત્માઓને ઉત્થાનના માર્ગે લઈ જાય અરિહંત, સિધ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ચાર લોકમાં ઉત્તમ છે.

૪) નીચેની અશુચિમાં કયા બોલના સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય ?

**જ:** ૪)

| | |
|---|---|
| ૧) મૃત માણસના શરીરમાં | વિગય જીવ કલેવરેસુ વા |
| ૨) ગાયના છાણમાં | વિકલેન્દ્રિય |
| ૩) ગોરેગાંવની ગટરમાં | નગર નિદ્ધમણેસુ વા |
| ૪) કફ / બળખો થૂકે ત્યાં | ખેલેસુવા |

૫) રસગૌરવ કોને કહે છે ? શાતા ગૌરવ કોને કહે છે ?

**જ:** ૫) દૂધ, દહી વગેરે મધુર તથા સ્વાદિષ્ટ રસો ઇચ્છા પ્રમાણે પ્રાપ્ત થવાથી અભિમાન કરવું અને પ્રાપ્ત ન થાય તો તેની લાલસા રાખવી તે રસગૌરવ અને સારું આરોગ્ય કે શારીરિક સુખનાં સાધનો મળવાથી અભિમાન કરવું અને તે ન મળવા પર તેની ઇચ્છા કરવી તે શાતા ગૌરવ.

**ચ) ફક્ત આંકડામાં જવાબ લખો : (૫)**

| | | જવાબ |
|---|---|---|
| ૧) | જ્ઞાનના અતિચાર | ૧૪ |
| ૨) | વિહરમાન તીર્થંકર | ૨૦ |
| ૩) | ખામણા | ૬ |
| ૪) | પંચ પરમેષ્ઠીના ગુણો | ૧૦૮ |
| ૫) | દેવલોક | ૧૨ |
| ૬) | શિક્ષાવ્રત | ૪ |
| ૭) | મિથ્યાત્વ | ૨૫ |
| ૮) | કષાય | ૪ |
| ૯) | લોકમાં મંગલ કેટલા ? | ૪ |
| ૧૦) | અતિથિ સંવિભાગ વ્રત કેટલામું ? | ૧૨ |

**પ્ર. : ૨ ગતાગતના આધારે જવાબ લખો : ૨૮**

**ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૧૦)**

૧) હરિવાસના જુગલિયા તથા ઉત્તરકુરુના જુગલિયા મરીને ક્યાં સુધી ઉપજે ?

**જ:** ૧) હરિવાસના જુગલિયા મરીને જ. ભવનપતિ ઉ. બીજા દેવલોક સુધીમાં ઉપજે. તથા ઉત્તરકુરુના જુગલિયા જ ભવનપતિ ઉ. પ્રથમ કિલ્વિષિક સુધીમાં ઉપજે.

૨) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને શેમાં ન જાય ?

**જ:** ૨) એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય મરીને નારકી, દેવ કે જુગલિયા થાય નહી.

૩) કયા કયા જીવોની આગત ૨૭૬ ભેદની છે ?

**જ:** ૩) ૧૫ કર્મભૂમિના મનુષ્યો, શ્રાવક અને માંડલિક રાજાની આગત ૨૭૬ ભેદની છે.

૪) કયા કયા જીવનો ગત ૫૬૩ ભેદની છે ?

**જ:** ૪) ૧૫ કર્મભૂમિના મનુષ્યો, પુરુષવેદ અને નપુસંક વેદની ૫૬૩ ભેદની છે.

૫) ૫૧૯ ભેદની ગત કોની છે ?

**જ:** ૫) ખેચરની ગત ૫૧૯ ભેદની છે.

૬) શ્રાવકની આગત એટલે શું ?

**જ: ૬) શ્રાવકની આગત એટલે કર્મભૂમિના પર્યાપ્તા મનુષ્ય તથા સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા જીવોમાં પૃચ્છા સમયે શ્રાવક તરીકે રહેલા જીવોની આગત.**

૭) ગતાગતના ૨૨ બોલમાં તિર્યંચના બોલ કેટલા ? નંબર લખો.

**જ: ૭) ગતાગતના ૨૨ બોલમાં ૧૪ થી ૧૮ નંબરના પાંચ બોલ તિર્યંચના છે.**

૮) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય શા માટે બીજીથી સાતમી નરકમાં ઉપજતા નથી ?

**જ: ૮) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય બીજીથી સાતમી નરકમાં ઉપજે નહિ કારણ કે તેઓ એટલા વધારે ભયંકર પાપ ન કરી શકે.**

૯) મોટી લટમાં કયા કયા જીવના ભેદનો સમાવેશ થાય છે ?

**જ: ૯) ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપાર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્ત ને પર્યાપ્તા એ ૩૦, ૪૮ તિર્યંચ એમ મળીને ૧૭૯ ની મોટી લટ.**

૧૦) કયા કયા દેવો મરીને પૃથ્વી, પાણી, વનસ્પતિમાં આવે છે ?

**જ: ૧૦) ૬૪ જાતના દેવ (૨૫ + ૨૬ + ૧૦ + ૨ + ૧)**

## ખ) નીચેના બોલની સંપૂર્ણ ગતાગત લખો. (કોઈ પણ પાંચ) (૧૫)

૧) ચંદ્રની
૨) અસુરકુમાર દેવની
૩) માછલીની
૪) ઇરવત ક્ષેત્રના મનુષ્યની
૫) મન વગરનો હાથી
૬) તમારી

**જ:**

| | આગતિ | ગતિ |
|---|---|---|
| ૧) | ચંદ્રની : ૫૦ ૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૩૦ અકર્મ ભૂમિના મનુષ્ય, ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૪૬, ૧૫ કર્મભૂમિના મનુષ્ય ૫ સંજ્ઞી તિર્યંચ બાદર પૃથ્વી, બાદર પાણી પ્રત્યેક વનસ્પતિ આ ૨૩ ના અપ. ને પર્યાપ્તા |
| ૨) | અસિપત્ર દેવની : ૧૧૧, ૧૦૧ સંત્રી મનુષ્ય ૫ સંજ્ઞી તિર્યંચ પંચે, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે તે ૧૧૧ પર્યાપ્તા | ૪૬, ૧૫ કર્મભૂમિના મનુષ્ય ૫ સંજ્ઞી તિર્યંચ બાદર પૃથ્વી, બાદર પાણી પ્રત્યેક વનસ્પતિ આ ૨૩ ના અપ. ને પર્યાપ્તા |
| ૩) | માછલી : ૨૬૭, ૮૧દેવ + (૯ થી ૧૨ દેવલોકના ૧૮ ભેદ વર્જીને) ૧૭૯ + ની મોટી લટ પ્રમાણે + ૭ નરકના પર્યાપ્તા. | ૫૨૭, ૫૬૩ ભેદમાંથી ૧૮ જાતિના દેવના અપ / પર્યા. એ ૩૬ ભેદ વર્જીને |
| ૪) | ઇરવત ક્ષેત્રના મનુષ્યની : ૨૭૬ ૧૭૧ + ૯૯ દેવ પર્યા પ્રથમ ૬ નરકના પર્યા. | ૫૬૩ અથવા મોક્ષની |
| ૫) | મન વગરનો હાથી : ૧૭૯ મોટી લટ પ્રમાણે | ૩૯૫, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય, ૫૧ જાતિના દેવ, પહેલી નરક એમ ૧૦૮ ના અપ અને પર્યા એ ૨૧૬ તથા ૧૭૯ મોટી લટ |
| ૬) | તમારી : ૨૭૬ ૧૭૧ + ૯૯ દેવ પર્યા. પ્રથમ ૬ નરકના પર્યાપ્તા | ૪૨ – ૧૨ દેવલોક, ૯ લોકાંતિક એ ૨૧ ના અપ. / પર્યા. |

**ગ) માત્ર 'હા' કે 'ના' માં લખો : (૩)**

| | | જવાબ |
|---|---|---|
| ૧) | સમકિત દૃષ્ટિ બેઇન્દ્રિય ના અપર્યાપ્તામાં જઈ શકે ? | હા |
| ૨) | તેઉકાયનો જીવ મરી સંતુર બની શકે ? | હા |
| ૩) | આણત દેવલોકનો દેવ બાદર પૃથ્વીકાયમાં જઈ શકે ? | ના |
| ૪) | હાથી મરીને મહાશુક્ર દેવલોકે જઈ શકે ? | હા |
| ૫) | વાસુદેવ ખૂબ તપશ્ચર્યા કરે તો મોક્ષ જઈ શકે ? | ના |
| ૬) | સાપ મરીને છઠ્ઠી નરકે જાય. | ના |

**પ્ર.: ૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે ખાલી જગ્યા પૂરો (આંકડામાં) ૭**

૧) ઉત્તમ પુરુષો ........ હોય છે અને તેઓ ........ આર્ય દેશોમાં જ જન્મે છે.

**જ: ૧) ઉત્તમ પુરુષો ૬૩ હોય છે અને તેઓ ૨૫ ૧/૨ આર્ય દેશોમાં જ જન્મે છે.**

૨) પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટ પ્રતિવાસુદેવની સંખ્યા ........ હોય છે જ્યારે ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં વાસુદેવની સંખ્યા ........ હોય છે.

**જ: ૨) પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટ પ્રતિવાસુદેવની સંખ્યા ૧૪૦ હોય છે જ્યારે ભરત ક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં વાસુદેવની સંખ્યા ૪૫ હોય છે.**

૩) ચક્રવર્તીની માતાને ........ સ્વપ્ન આવે છે જ્યારે બળદેવની માતાને ........ સ્વપ્ન આવે છે.

**જ: ૩) ચક્રવર્તીની માતાને ૧૪ સ્વપ્ન આવે છે જ્યારે બળદેવની માતાને ૪ સ્વપ્ન આવે છે.**

૪) તીર્થંકર ........ ગતિમાંથી આવે છે. મહાવિદેહના તીર્થંકરનો સંયમકાળ ........ લાખ પૂર્વનો છે.

**જ: ૪) તીર્થંકર ૨ ગતિમાંથી આવે છે. મહાવિદેહના તીર્થંકરનો સંયમકાળ ૧ લાખ પૂર્વનો છે.**

૫) ૧ મહાવિદેહ ક્ષેત્રની વિજય ........ છે જ્યારે ચક્રવર્તીના નિધાન ........ છે.

**જ: ૫) ૧ મહાવિદેહ ક્ષેત્રની વિજય ૩૨ છે જ્યારે ચક્રવર્તીના નિધાન ૯ છે.**

૬) વાસુદેવ ....... ખંડના રાજા છે જ્યારે તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ........ લાખ પૂર્વનું છે.

**જ: ૬) વાસુદેવ ૩ ખંડના રાજા છે જ્યારે તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે.**

૭) સંપૂર્ણ સંસારકાળમાં તીર્થંકરની પદવી ........ વાર મળે છે જ્યારે ચક્રવર્તીની પદવી ........ વાર મળે છે.

**જ: ૭) સંપૂર્ણ સંસારકાળમાં તીર્થંકરની પદવી ૧ વાર મળે છે જ્યારે ચક્રવર્તીની પદવી ૨ વાર મળે છે.**

**પ્ર.: ૪ વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ આપો. (કોઈ પણ પાંચ) ૧૫**

૧) વ્યવહાર સમકિતના પહેલા, ત્રીજા, સાતમા, અગિયારમા દ્વારના ફક્ત નામ લખો તથા છઠ્ઠા, આઠમા, દશમા અને બારમા દ્વારની ફક્ત સંખ્યા લખો.

**જ: ૧) પહેલા - સદ્દહણા ચાર, ત્રીજા - વિનય દસ, સાતમા - ભૂષણ પાંચ, અગિયારમા - ભાવના છ. છઠ્ઠા - પાંચ, આઠમા - આઠ, દશમા - ૬, બારમા - ૬**

૨) સ્થિરીકરણ એટલે શું ? પ્રભાવના એટલે શું ?

**જ: ૨) ધર્મથી વિમુખ થતા જીવોને ધર્મમાં સ્થિર કરવા તે સ્થિરીકરણ. સત્ય ધર્મની પ્રભાવના, ઉન્નતિ અને પ્રચાર કરવો તે પ્રભાવના.**

૩) સમકિતી ઉત્કૃષ્ટ કેટલી સ્થિતિના કર્મ બાંધે ? તથા ઉત્કૃષ્ટ કેટલા કાળમાં મોક્ષ પામે ?

**જ: ૩) સમકિતી જીવ ઉત્કૃષ્ટ અંત ક્રોડા ક્રોડી સાગરના કર્મ બાંધે એથી વધારે બાંધતો નથી. તે જીવ ઉત્કૃષ્ટ અર્ધપુદ્‌ગત પરાવર્તનમાં (અનંત કાળચક્ર) અવશ્ય મોક્ષ પામે છે.**

૪) કઈ રુચિમાં તેલ અને પાણીનુ દ્રષ્ટાંત આપ્યું છે ? અને જિનમતને જાણ્યો નથી છતાં શ્રદ્ધા રાખે તે કઈ રૂચિ ?

**જ: ૪) બીજ રૂચિમાં તેલ અને પાણીનું દ્રષ્ટાંત આપ્યું છે. સંક્ષેપ રુચિ માં જેણે અન્ય મતોને જાણ્યા નથી તેમ જ જિનમતને પણ જાણ્યો નથી છતાં શ્રધ્ધા રાખે છે.**

૫) ઉપાસક દશાંગ સૂત્રમાં કયા કયા દ્વાર બતાવ્યા છે ? ફક્ત નામ લખો.

**જ: ૫) શુધ્ધતા ત્રણ અને જયણા છ આ બે દ્વાર બતાવ્યા છે.**

૬) મોહનીય કર્મની કેટલી અને કઈ કઈ પ્રવૃત્તિનો ક્ષય કર્યો હોય તેને નિશ્ચયથી સમકિતી કહેવાય છે ?

**જ: ૬) જેણે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર અને દર્શન મોહનીયની ત્રણ સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિનો ક્ષય કર્યો હોય તેને નિશ્ચયથી સમકિતી કહે છે.**

**ખ) દસ વિનય કયા આગમમાં બતાવ્યા છે ? સંપૂર્ણ દ્વાર લખો. (૫)**

દસ વિનય ઉવવાઈ સૂત્રમાં બતાવ્યા છે. જેનાથી સમકિત પ્રાપ્ત થાય છે. તેને વિનય કહે છે ૧) અરિહંતનો વિનય કરે ૨) સિધ્ધનો વિનય કરે ૩) આચાર્યનો વિનય કરે ૪) ઉપાધ્યાયનો વિનય કરે. ૫) સ્થવિરનો વિનય કરે એ પાંચને વંદના, ભક્તિ, બહુમાન કરે અને ગુણાનુવાદ કરે. ૬) કુળનો વિનય કરે. તે એક આચાર્યાના શિષ્ય સમૂહનો વિનય કરે. ૭) ગણનો વિનય કરે તે ઘણા આચાર્યાના શિષ્ય સમૂહનો વિનય કરે. ૮) ચતુર્વિધ સંઘનો વિનય કરે. ૯) સ્વધર્મીનો વિનય કરે. ૧૦) સંભોગીનો વિનય કરે. જૈનશાસનમાં વિનય ધર્મનું મૂળ કહેવાય છે. વિનય કરવાથી અનેક સદ્દગુણોની પ્રાપ્તિ થાય છે.

**પ્ર.: ૫ ક) વાર્તાના આધારે જવાબ લખો : (૭) ૧૦**

૧) દેવોએ કઈ નગરી બનાવી હતી ? તે નગરી કોની હતી ?

**જ: ૧) દેવોએ દ્વારિકા નગરી બનાવી હતી. તે નગરી કૃષ્ણની હતી.**

૨) યક્ષાયતનમાં કોની મૂર્તિ હતી ? તેના હાથમાં શું હતું ?

**જ: ૨) યક્ષાયતનમાં મુદ્દગર પાણી યક્ષની એક મૂર્તિ હતી. તે પ્રતિમાના હાથમાં લોખંડનું મુદ્દગર હતું.**

૩) નંદ મણિયારે કઈ દિશામાં, કયા પર્વતની નજીક વાવ બંધાવી હતી ?

**જ: ૩) નંદ મણિયારે ઇશાન દિશામાં વૈભાર પર્વતની નજીક વાવ બંધાવી.**

૪) અર્જુન મુનિએ દીક્ષા લીધા પછી કેટલા મહિના સુધી તપશ્ચર્યા કરી અને અંતે કેટલા દિવસનો સંથારો કર્યો ?

**જ: ૪) અર્જુન મુનિએ છ મહિના સુધી તપશ્ચર્યા ચાલુ રાખી અંતે ૧૫ દિવસનો સંથારો કર્યો.**

૫) નંદ મણિયાર દેડકાને કયું જ્ઞાન થયું ? તે કોના પગ નીચે કચડાઈ ગયો ?

**જ: ૫) નંદ મણિયાર દેડકાને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તે એક નવજવાન ઘોડેસવારના ડાબા પગ નીચે આવી જતા કચડાઈ ગયો.**

૬) શ્રાવકપણું એટલે શું ? સાધુપણું એટલે શું ?

**જ: ૬) આગાર વિનય એટલે શ્રાવકપણું અને અણગાર વિનય એટલે સાધુપણું.**

૭) શુક્ર પરિવ્રાજકે થાવચ્ચા મુનિ સાથે કયા કયા વિષયો પર પ્રશ્નચર્યા કરી ?

**જ: ૭) શુક્ર પરિવ્રાજકે થાવચ્ચા મુનિ સાથે સરિસવય, કુલત્થા, માસ, અક્ષય, અવ્યય વગેરે વિષયો પર પ્રશ્નચર્યા કરી.**

**ગ) કોણ બોલે છે અને કોને કહે છે ?** **(૧½)**

૧) માટે જ હું દીક્ષા લઈને કર્મો તોડવા તૈયાર થયો છું.

**જ:** ૧) થાર્વર્ચ્ચા પુત્ર બોલે છે, કૃષ્ણ વાસુદેવ ને કહે છે.

૨) નમસ્કાર હોજો તે અરિહંતોને જેઓ મોક્ષે પધારી ગયા છે.

**જ:** ૨) સુદર્શન શેઠ બોલે છે, પોતાને જ કહે છે.

૩) ચાલ, હું પણ પ્રભુની પાસે જઈને તેમને ભાવથી વંદન કરું.

**જ:** ૩) નંદ મણિયાર દેડકો બોલે છે, પોતાને જ કહે છે.

**ખ) મને ઓળખો :** **(૧½)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) | મનુષ્ય ભવમાં ગુમાવેલું મેં તિર્યંચ ભવમાં મેળવ્યું. | નંદ મણિયાર |
| ૨) | મૃત્યુ જોઈ મારી મતિ પ્રગટી. | થાવચ્ચા પુત્ર |
| ૩) | હું ખૂની મટી મુનિ બન્યો. | અર્જુન માળી |

**પ્ર.:૬ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો :** **૧૦**

૧) ત્રીજી કડી સંપૂર્ણ લખો. **(૨½)**

**જ:** ૧) બુદ્ધ્યા વિનાપિ વિબુધા – ર્ચિત – પાદપીઠ !
સ્તોતું સમુદ્યત – મતિર્વિગત – ત્રયોહમ !
બાલં વિહાય જલ સંસ્થિત મિન્દુ – બિમ્બ
મન્યઃ ક ઇચ્છિતિ જનઃ સહસા ગ્રહીતુમ ।।૩ ।।

૨) યૈઃ શાન્ત ........ રૂપમસ્તિઃ ।। **(૨½)**

**જ:** ૨) યૈઃ શાન્ત રાગ – રુચિભિઃ પરમાણુભિસ્ત્વં
નિર્માપિત સ્ત્રિભુવનૈક – લલામ – ભૂત !
તાવન્ત એવ ખલુ તે પ્યણવઃ પૃથિવ્યાં
યત્તે સમાનમપરં ન હિ રૂપ મસ્તિ ।।૧૨ ।।

૩) નિર્ધૂમ ........ પ્રકાશઃ ।। **(૨½)**

**જ:** ૩) નિર્ધૂમ વર્તિરપવર્જિત તૈલ – પૂરઃ !
કૃત્સ્નં જગત્ – ત્રયમિદં પ્રકટી – કરોષિ !
ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા – ચલાનાં
દીપોપર સ્ત્વમસિ નાથ ! જગત્ – પ્રકાશઃ ।।૧૬ ।।

૪) મન્યે વરં ........ ભાવન્તરે પિ ।। **(૨½)**

**જ:** ૪) મન્યે વરં હરિ – હરાદય એવ દૃષ્ટા
દૃષ્ટેષું યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ
કશ્ચિન્મનો – હરતિ નાથ ! ભવાન્તરેપિ ।।૨૧ ।।

।। જય જિનેન્દ્ર ।।